ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

ક્રમાંક: પરિક્ષા/4-અ/46158/2023 તા. 05-09-2023

પરિપત્ર: **228**

માન. કુલપતિ શ્રીના આદેશાનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનિયન, વાણીજ્ય, વિજ્ઞાન, બીબીએ અને બીસીએ તથા એજ્યુકેશન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીના ઓર્ડી. 69ની જોગવાઈ મુજબ કોઈપણ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવાનું થાય છે. હાલમાં આપની કોલેજ / સંસ્થામાં સેમેસ્ટર 3 અને 5માં અન્ય યુનિવર્સિટીમાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ ભરવાની કામગીરી કરવા જરૂરી બીડાણો લગાવી, નિયત પત્રક અને ફી કોલેજોએ **નીચે મુજબની તારીખ અને લેટ ફી સાથે જમા કરાવવા આથી જણાવવામાં આવે છે.** સેમેસ્ટર-1 ના વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ માટે હવે પછી વેબસાઈટ પર પરિપત્ર મુકવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

| ક્રમ | તારીખ થી | તારીખ સુધી | ફી |
|---|---|---|---|
| ૧ | 06-09-2023 | 12-09-2023 | રેગ્યુલર ફી |
| ૨ | 13-09-2023 | 18-09-2023 | રેગ્યુલર ફી અને લેટ ફી 500/- |

**સેમેસ્ટર ૩ અને ૫ એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવા વિનંતી છે.**

1. ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂપિયા 25/- અને એનરોલમેન્ટ ફી રૂપિયા 100/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. જે http://efespgreg.gujaratuniversity.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.
2. સદરહુ વિદ્યાર્થી માટે ભરવાના (BLANK) એનરોલમેન્ટ ફોર્મ વેબસાઈટ પરથી મેળવી શકાશે.
3. વિદ્યાર્થીના એનરોલમેન્ટ ફોર્મ સાથે PEC(પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ) અને ગુણપત્રકોની નકલ ખાસ બીડવી.
4. સેમેસ્ટર 3 અને 5 માટે ઓનલાઈન જનરેટ થયેલ યાદી અને સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ કોલેજોના સહી સિક્કા સાથે નિયત સમય મર્યાદામાં કાર્યાલય પર જમા કરાવવાનું રહેશે.
5. એનરોલમેન્ટ ફી ક્રોસ ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક (ચેક રીટર્ન થયે રૂ.2000/- દંડ કરવામાં આવશે) "કુલસચિવશ્રી" ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ 380009 ના નામનો કઢાવીને મોકલી આપવાનો રેહશે. ડીમાન્ડ ડ્રાફ્ટ પૂરી રકમનો કઢાવવાનો રહેશે (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)
6. આ કાર્યાલયના તા. 09-12-2016ના પત્રાંક:એકે/35595/2016ના સંદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવલોપમેન્ટ ફી અને એનરોલમેન્ટ ફી સાથે જ જમા કરવવાની થાય છે આથી એનરોલમેન્ટ ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોર્વર્ડીંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પરીક્ષા વિભાગ દ્વારા એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

પરિક્ષા નિયામક